## પલસાણામાં અજાણ્યા વાહનની અડફેટે રાહદારીનું મોત

પલસાણા: મૂળ ઉત્તર પ્રદેશના હમીરપૂર અને હાલ સુરતના સચિન ખાતે આવેલ શિવનગર સોસાયટીમાં રહેતો રામચંદ્ર પચવા નિષાદ (ઉં.વ.37) ગત ગુરુવારે પલસાણા હાઇવે પર અમદાવાદથી મુંબઈ જતો ટ્રેક પગપાળા ક્રોસ કરી રહ્યો હતો. એ સમયે તેને અજાણ્યા વાહને ટક્કર મારી હતી. આ અકસ્માતમાં તેને ગંભીર ઇજા થતાં સુરતની નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તેનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. ઘટના અંગે મૃતકના સંબંધી કુશાલી સરજુ નિષાદે પલસાણા પોલીસ મથકમાં ફરિયાદ કરતાં પોલીસ અજાણ્યા વાહન ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## પલસાણામાં પોલીસ નાકાબંધી તોડી ભાગતી કારને અકસ્માત, દારૂ ઝડપાયો

પલસાણા: પલસાણા પોલીસે માખીંગા ચેકપોસ્ટ પાસે શનિવારે વહેલી સવારે નાકાબંધી દરમિયાન પોલીસે નંબર પ્લેટ વગરની શંકાસ્પદ નેક્સોન કારને રોકવા પ્રયાસ કર્યો હતો. જો કે, ચાલકે નાકાબંધી તોડી કાર ભગાવી હતી. પોલીસે ફિલ્મી ઢબે પીછો કરતા ગભરાયેલા ચાલકે કાર પાછી વળાવવા જતાં વાહન ડિવાઈડર સાથે અથડાયું હતું. બાદ અંધારાનો લાભ લઈ ચાલક ફરાર થઈ ગયો હતો. પોલીસે કારમાંથી 2.63 લાખની કિંમતની વિદેશી દારૂની 864 બોટલો કબજે કરી છે. પોલીસે કુલ 7,63,600નો મુદ્દામાલ જપ્ત કરી અજાણ્યા ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# અંકલેશ્વરના ઉદ્યોગકારોની GPCB સામે લડત તેજ: ઉપવાસની જાહેરાત

**30 માર્ચે ગાંધીનગરમાં ઉપવાસ આંદોલન કરવાનો નિર્ણય લેવાયો**

અંકલેશ્વર: અંકલેશ્વરના ઉદ્યોગકારો અને તંત્ર વચ્ચે સીઈટીપી પ્રોજેક્ટની મંજૂરી મુદ્દે ચાલી રહેલો વિવાદ હવે આંદોલનના માર્ગે આગળ વધી રહ્યો છે. પર્યાવરણ સંરક્ષણના હેતુસર એમએસએમઈ ઉદ્યોગો માટે ઊભા કરાયેલા CETP પ્રોજેક્ટને CCA પરવાનગી એક વર્ષથી વધુ સમય વીતી જવા છતાં ન મળતાં ઉદ્યોગકારોએ આમરણાંત ઉપવાસ આંદોલનની જાહેરાત કરી છે.

અંકલેશ્વર વેસ્ટ મેનેજમેન્ટ એસોસિએશનના ફાઉન્ડર ચેરમેન રમેશ ગાબાણીના નેતૃત્વ હેઠળ આગામી તા.30 માર્ચ, 2026ના રોજ સવારે 11 વાગ્યાથી ગાંધીનગર સ્થિત ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB) ઓફિસ બહાર ઉપવાસ શરૂ કરવામાં આવશે. ઉદ્યોગકારોના જણાવ્યા મુજબ પર્યાવરણના જતન અને પ્રદૂષણ નિયંત્રણ માટે MSME એકમોને સહાયરૂપ બને તે હેતુથી આધુનિક સુવિધાઓ સાથે CETP પ્રોજેક્ટ ઊભો કરવામાં આવ્યો છે.

છતાં, CCA મંજૂરી માટે કરવામાં આવેલી અનેક રજૂઆતો છતાં હકારાત્મક નિર્ણય ન લેવાતાં ઉદ્યોગોમાં અસંતોષ ફેલાયો છે. ઉદ્યોગપતિઓનો દાવો છે કે મંજૂરીમાં વિલંબને કારણે પર્યાવરણીય અનુપાલન તેમજ ઔદ્યોગિક કામગીરી બંને અસરગ્રસ્ત બની રહ્યા છે. પ્રથમ તબક્કે તા.23 માર્ચે ઉપવાસ માટે તંત્ર પાસે પરવાનગી માંગવામાં આવી હતી,પરંતુ પરવાનગી ન મળવા સાથે કોઈ સ્પષ્ટ પ્રતિસાદ પણ ન મળ્યો હોવાનો ઉદ્યોગકારોનો આક્ષેપ છે.જેના પગલે હવે 30 માર્ચે ઉપવાસ આંદોલન કરવાનો નિર્ણય લેવાયો છે.

છેલ્લા બે દિવસ દરમિયાન અંકલેશ્વરમાં વિવિધ ઉદ્યોગ સંગઠનો અને ઉદ્યોગ સમૂહો સાથે બેઠકો યોજાઈ હતી, જેમાં મોટી સંખ્યામાં ઉદ્યોગકારોને ગાંધીનગર ખાતે યોજાનારા ઉપવાસમાં જોડાવા આહવાન કરવામાં આવ્યું છે.

બીજી તરફ, તંત્ર તરફથી આ મુદ્દે સત્તાવાર પ્રતિસાદ પ્રાપ્ત થયો નથી. પર્યાવરણ નિયમોના પાલન સાથે ઉદ્યોગોને સરળતા મળે તેવો સંતુલિત ઉકેલ જરૂરી હોવાનું નિરીક્ષકો માનતા થયા છે. હવે નજર તંત્રના આગામી વલણ પર છે. વાતચીત દ્વારા ઉકેલ શોધાશે કે પછી ઉદ્યોગકારો અને તંત્ર વચ્ચેનો મતભેદ આંદોલનથી વધુ ઉગ્ર બનશે તે આવનારા દિવસોમાં સ્પષ્ટ થશે.

# વજનિયાનો ખેલ: કુકરમુંડામાં ભોળા ખેડૂતોને છેતરવાનું વ્યવસ્થિત કૌભાંડ

**છેતરપિંડી કરતા વેપારીઓ સામે તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ**

કુકરમુંડા: કુકરમુંડા તાલુકા વિસ્તારોમાં ખાનગી વેપારીઓની હાટડીઓ ફરીથી ધમધમવા લાગી હોવાના આક્ષેપો વચ્ચે જવાબદાર તંત્ર મૌન રહેતાં ખેડૂતોમાં અસંતોષ ફેલાયો છે. આ વિસ્તારના મોટા ભાગના ખેડૂતો ખેતી પર નિર્ભર છે અને ખરીફ તથા રવી પાકની ઉપજ બજારમાં વેચીને જીવનનિર્વાહ કરે છે. પરંતુ છેલ્લાં કેટલાંક વર્ષોથી કેટલાક વેપારીઓ દ્વારા તોલમાપમાં ગેરરીતિ કરી ખેડૂતોને છેતરવાના બનાવો સામે આવી રહ્યા છે. આદિવાસી અને ગ્રામ્ય ખેડૂતોને વજનિયામાં થતો ફરક સમજાતો ન હોવાથી તેઓ આ છેતરપિંડીનો ભોગ બની રહ્યા છે.

કુકરમુંડા તાલુકાના બજાર વિસ્તારોમાં આવી હાટડીઓ ફરીથી જોવા મળી રહી છે. થોડા સમય પહેલાં આ મુદ્દો ઊઠતાં વેપારીઓ થોડા સમય માટે ગાયબ થયા હતા, પરંતુ ફરીથી સક્રિય થતાં ખેડૂતોમાં ચિંતા વધી છે. જાગૃત નાગરિકો અને સામાજિક કાર્યકરોએ જણાવ્યું છે કે, ખેડૂતો પહેલેથી જ મોંઘાં બિયારણ, ખાતર, દવા, મજૂરી અને ખેડાણ જેવા ખર્ચના બોજા હેઠળ દબાયેલા છે. આવી પરિસ્થિતિમાં વેપારીઓની છેતરપિંડી તેમને વધુ આર્થિક મુશ્કેલીમાં ધકેલી રહી છે. તેથી આવા વેપારીઓ સામે તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ ઊઠી છે.

આ મુદ્દે કુકરમુંડા APMCના ચેરમેન ઘનશ્યામભાઈ પટેલ અને વાઇસ ચેરમેન ભાસ્કરભાઈ મરાઠેએ જણાવ્યું હતું કે, આવાં લેભાગુ તત્ત્વો સામે તંત્રે કડક કાર્યવાહી કરવી જોઈએ. વેપારીઓના લાઇસન્સ અને તોલમાપની ચકાસણી કરી દોષિતો સામે કાયદેસર પગલાં લેવાં જરૂરી છે. તેમણે કુકરમુંડા તાલુકાનાં ખેડૂત ભાઈ-બહેનોને અપીલ કરી કે તેઓ પોતાની ખેતી ઉપજ કુકરમુંડા ખેતીવાડી ઉત્પન્ન બજારમાં લાવી પારદર્શક હરાજી દ્વારા યોગ્ય ભાવ અને સાચો તોલમાપ મેળવવાનો પ્રયત્ન કરે. કારણ કે, કુકરમુંડા ખેતીવાડી ઉત્પન્ન બજારમાં ઘણા વેપારીઓ માલ લેવા આવે છે અને યોગ્ય ભાવ ખેડૂતોને આપે છે. જેથી ખેડૂત ભાઈઓને વધુમાં વધુ APMCનો લાભ લેવા સાથેજ સરકારની યોજનાઓનો વધુમાં વધુ લાભ લેવા જણાવ્યું હતું.

## અંકલેશ્વરમાં દુષ્કર્મનો ભોગ બનેલી સગીરાએ બાળકીને જન્મ આપ્યો

**16 વર્ષીય સગીરા સાથે કુકર્મ કરનારા 33 વર્ષીય પરિણીત યુવાનની ધરપકડ**

અંકલેશ્વર: અંકલેશ્વરમાં 16 વર્ષીય સગીરા પર 33 વર્ષીય પરિણીત યુવાને વારંવાર દુષ્કર્મ આચરતાં સગીરા ગર્ભવતી બની ગઈ હતી. બાદ તેણે બાળકીને જન્મ આપ્યો હોવાની ઘટના પ્રકાશમાં આવતાં એ ડિવિઝન પોલીસે ઝડપી કાર્યવાહી કરી આરોપીની ધરપકડ કરી હતી.

અંકલેશ્વરની સગીરાને આરોપી શંકર વસાવા નામના પરિણીત યુવાને ઓળખાણ અને વિશ્વાસનો લાભ લઈ લાલચ આપી પોતાની જાળમાં ફસાવી હતી. આરોપીએ સગીરાનું માનસિક તેમજ શારીરિક શોષણ કર્યું હતું. સગીરા ડર અને સમાજના ભયને કારણે લાંબા સમય સુધી આ બાબત ગુપ્ત રાખતી રહી હોવાનું પણ સામે આવ્યું છે. સમય જતા સગીરા ગર્ભવતી બની ગઈ હતી, પરંતુ પરિવારજનોને શરૂઆતમાં ઘટનાની જાણ નહોતી. સ્થિતિ ગંભીર બનતા સગીરાએ બાળકીને જન્મ આપ્યો હતો. ઘટનાની જાણ થતા પરિવારમાં ભારે આક્રોશ ફેલાયો હતો અને સમગ્ર વિસ્તારમાં આ બનાવને લઈને રોષની લાગણી વ્યાપી ગઈ હતી. બાદમાં સગીરા અને તેના પરિવારજનોએ એ ડિવિઝન પોલીસે આરોપી શંકર વસાવા સામે પોક્સો સહિતની કલમો હેઠળ ગુનો નોંધી ધરપકડ કરી છે.

## મલેકપોરમાં તબેલા પાસે બે મરઘાંનું દીપડાએ મારણ કર્યું

**દીપડાની ગતિવિધિને કારણે સ્થાનિક ખેડૂતો અને રહીશોમાં ભયનો માહોલ**

પલસાણા: પલસાણાના મલેકપોર ગામના સીમ વિસ્તારમાં જમીલભાઈ નામના પશુપાલકનો તબેલો આવેલો છે, જ્યાં ગઈકાલે રાત્રિના સમયે દીપડાએ શિકાર માટે ધામા નાંખ્યા હતા. જમીલભાઈએ સુરક્ષા માટે તબેલામાં સીસીટીવી કેમેરા લગાવ્યા છે, જેમાં દીપડાની હિલચાલ કેદ થઈ છે. સીસીટીવી ફૂટેજ મુજબ, પ્રથમ રાત્રે ૯:૨૬ કલાકે દીપડો તબેલા પાસે જોવા મળ્યો હતો. ત્યારબાદ રાત્રે ૧૧ વાગ્યાની આસપાસ દીપડાએ ફરી આવીને તબેલામાં રખાયેલાં બે મરઘાનો શિકાર કર્યો હતો અને ત્યાંથી ભાગી છૂટ્યો હતો. આ ઘટના અંગે જમીલભાઈએ તાત્કાલિક 'ફ્રેન્ડ્સ ઓફ એનિમલ્સ વેલફેર ટ્રસ્ટ'ના પ્રમુખ જતીનભાઈ રાઠોડને જાણ કરી હતી. જતીનભાઈએ પલસાણા વન વિભાગ રેન્જના કર્મચારી નાયક સાહેબનો સંપર્ક સાધી પરિસ્થિતિની ગંભીરતા સમજાવી હતી. વન વિભાગ દ્વારા તાત્કાલિક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે અને આજે દીપડાને પાંજરે પૂરવા માટે મારણ સાથે પાંજરું ગોઠવવાની સૂચના આપવામાં આવી છે. દીપડાની આક્રમક ગતિવિધિઓને કારણે સ્થાનિક ખેડૂતો અને રહીશોમાં ભયનો માહોલ છે, જેને પગલે વન વિભાગે સતર્કતા રાખવા અપીલ કરી છે.

## રૂપણ ગામમાં અજાણ્યા વાહનચાલકે અડફેટે લેતાં મોપેડ સવારનું મોત

માંડવી: માંડવીના રૂપણ ગામે અજાણ્યા વાહનચાલકે મોપેડ સવાર વૃદ્ધને અડફેટે લેતાં મોત નીપજ્યું હતું. પોલીસે ફરાર થયેલા આરોપી વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

માંડવી-ઝંખવાવ રોડ પર આવેલા ગોડધા ગામે રહેતા દિનેશભાઈ નાથુભાઈ ચૌધરી (ઉં.વ.52) પોતાની મોપેડ નં.(GJ-19-AR-5946) પર માંડવીથી ઘરે પરત ફરી રહ્યા હતા.

દરમિયાન રૂપણ ગામના બસ સ્ટેશન નજીક અજાણ્યા વાહનચાલકે પૂરઝડપે વાહન હંકારતાં તેમને અડફેટે લેતાં વૃદ્ધ દિનેશભાઈને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. આ અકસ્માત સર્જાતાં તાત્કાલિક 108 એમ્બ્યુલન્સ મદદથી




માંડવી સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું. આ બનાવની જાણ થતાં પરિવારજનો હોસ્પિટલ દોડી આવ્યા હતા. મૃતકના પિતા નાથુભાઈ રાણજીભાઈ ચૌધરીએ અજાણ્યા વાહનચાલક વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવતાં પોલીસે ફરાર થયેલા વાહનચાલકની શોધખોળ હાથ ધરી હતી.

## કોસંબા પોલીસનો તેરા તુજકો અર્પણ કાર્યક્રમ




હથોડા: કોસંબા પોલીસ મથક વિસ્તારમાં 18 જેટલા મોબાઇલ ચોરાયા હોવાને ફરિયાદ નોંધાઈ હતી. જેના અનુસંધાને પોલીસ મથકમાં નવા મુકાયેલા પીઆઇ રાકેશ મારુ તેમજ સ્ટાફ દ્વારા મોબાઈલ ચોરોને શોધી કાઢી પોલીસ મથકમાં ફરિયાદ કરનાર અરજદારોના કુલ 18 મોબાઇલ જેની કુલ કિં.3,58,000ના મુદ્દામાલ કબજે કરી મૂળ માલિકોને પરત કરવા માટે કોસંબા પોલીસ મથક ખાતે 'તેરા તુજકો અર્પણ કાર્યક્રમ' યોજીને પરત કર્યા હતા.

**રિવરફ્રંટનું કામ અટકાવનાર અને લાઈબ્રેરી રદ કરાવનાર નેતાનો પર્દાફાશ**

# બુહારી માનવ કલ્યાણ ટ્રસ્ટના પ્રમુખ સત્યજીતભાઈ દેસાઈના હસ્તે સ્માર્ટ વિલેજ બુહારીમાં ૧.૬૫ કરોડ રૂપિયાનાં વિકાસ કામોનું લોકાર્પણ

**મેદાન ખુલ્લું છે, જેણે આવવું હોય તે આવી જાય: ચૂંટણી પહેલાં સત્યજીત દેસાઇની ગર્જના**

**૨૫ વર્ષથી બિનહરીફ શાસન સામે ખટપટ કરનારાઓને સત્યજીત દેસાઈની ખુલ્લી ચેતવણી**




બુહારી: વાલોડ તાલુકાના એકમાત્ર સ્માર્ટ વિલેજ બુહારીમાં વિકાસનાં અનેક કાર્યોનું લોકાર્પણ માનવ કલ્યાણ ટ્રસ્ટ, બુહારીના પ્રમુખ સત્યજીતભાઈ દેસાઇના હસ્તે કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, બુહારીમાં છેલ્લાં 25 વર્ષથી બિનહરીફ પંચાયતની ધૂરા સત્યજીતભાઈ દેસાઈની પેનલને સોંપવામાં આવી છે અને અનેકવિધ વિકાસનાં કાર્યો કરી બુહારીની કાયાપલટ કરવામાં આવી છે.

વર્ષ-૨૦૧૭થી બુહારીના ઉપસરપંચ સૂરજભાઈ દેસાઇ બન્યા છે. ત્યારથી બુહારી ગામનો બુલેટ ટ્રેનની ગતિથી વિકાસ થયો છે. C.C.T.V. કેમેરા, ફ્રી વાઇ-ફાઇ, ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શન, સરકારી યોજનાનાં વિવિધ કામો ઘરે બેઠા કરાવવું, સોલર રૂફ ટોપ, ડામર રસ્તા, રેઇન વોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ જેવા અનેક પ્રકલ્પો દ્વારા બુહારી વિકાસમાં નંબર વન ગામ બન્યું છે. અંદાજે ૧.૬૫ કરોડ રૂપિયાના ખર્ચે થયેલાં અનેક કામો જેમાં બુહારી ગામનો મુખ્ય ડામર રોડ, અનેક સોસાયટીમાં રસ્તા, પેવર બ્લોક, પાણીની સુવિધા, ભૂગર્ભ ગટર લાઇન, શેડ સહિતનાં કામોનું લોકાર્પણ ખૂબ મોટી સંખ્યામાં ઉપસ્થિત બુહારી ગામના ગ્રામજનોની હાજરીમાં માનવ કલ્યાણ ટ્રસ્ટ, બુહારીના પ્રમુખ સત્યજીતભાઈ દેસાઈના હસ્તે કરવામાં આવ્યું હતું. ૧.૬૫ કરોડ રૂપિયાનાં વિકાસનાં કામોનું જે-તે ફળિયામાં સ્થળ ઉપર જઇને વોર્ડના સદસ્યો, તાલુકા પંચાયત સદસ્ય દર્શનાબેન પરમાર, જિલ્લા પંચાયત સદસ્ય તૃપ્તિબેન પટેલ, સરપંચ વનિતાબેન ગામીત, પૂર્વ સરપંચ જમનાબેન ચૌધરી, રમેશભાઈ ગામીત સહિત ગામનાં તમામ ફળિયાંના અગ્રણીઓ, યુવનોએ સાથે મળીને કર્યું હતું. આ કાર્યક્રમમાં સત્યજીતભાઈ દેસાઇ દ્વારા તમામ ગ્રામજનોનું સ્વાગત સન્માન કરવામાં આવ્યું હતું. બુહારી ગામના કુલ ૧૦ વોર્ડ તેમજ સરપંચનું પ્રતિનિધિરૂપે સ્વાગત સન્માન કરી બુહારીના ગ્રામજનોનું સ્વાગત સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં બુહારીના વિકાસ પુરુષ, ગરીબોના મસિહા નિરાધારનો આધાર એવા વનમેન આર્મી સત્યજીતભાઈ દેસાઇએ બુહારીના વિકાસમાં વિઘ્ન ઊભું કરનારા બની બેઠેલા નેતાઓને આડે હાથે લીધા હતા.

સત્યજીત દેસાઇએ આક્રમક શૈલીમાં જણાવ્યું હતું કે, અમુક લોકો પંચાયતની ચૂંટણી આવી રહી છે, એના માટે અત્યારથી ગામનો માહોલ અને ગામના લોકોની હાલત ખરાબ કરી રહ્યા છે. જેણે આવવું હોય એ આવી જાય મેદાન ખુલ્લું છે. કોઈને હરખ અફસોસ નહીં રહેવો જોઈએ કે અમે આવું નહીં કર્યું અને સત્યજીતભાઈ દેસાઇ એન્ડ કંપની બચી ગઈ. અમે લોકોનાં હૃદય જીતીને લોકોનાં હૃદયમાં રાજ કરીએ છીએ. કોઈ ધારાસભ્યના આશીર્વાદથી નહીં, બુહારીના ગ્રામજનોના આશીર્વાદથી અમે બુહારીમાં સત્તા સાંભળી રહ્યા છીએ. આવનારા દિવસોમાં હજી વધુ વિકાસનાં કામો ગ્રામજનોના સહકારથી કરતાં રહીશું અને ફાંકા ફોજદારી મારતા ધારાસભ્યએ બુહારીના મંજૂર થયેલ 5 કરોડ રૂપિયાનું રિવરફ્રંટનું કામ ૨ વર્ષથી અટકાવ્યું છે. તેમજ બુહારી તળાવ પર લાઈબ્રેરી મંજૂર કરી હતી, જે તેઓ પોતાની સંસ્થા અંધાત્રીમાં લઈ ગયા. આમ, બુહારીના વિકાસમાં રોડાં નાંખનાર ધારાસભ્યના મોઢે વિકાસની વાતો શોભતી નથી. તેમજ પૈસા આપીને આજકાલ હોદ્દેદારો બનેલા, કટકીબાજો ગુજરાતી શાળાના કાર્યક્રમમાં કૂમળાં બાળકોના માનસ પર ખરાબ અસર પડે એ ભાષામાં રાજ રમત કરવા આવ્યા હતા. હજુ પણ ચાલુ જ રાખજો. રાજ રમત અટકાવતાં નહીં એવું જણાવ્યું હતું. વધુમાં વિકાસનાં અઢળક કામોથી બુહારીના નગરજનોમાં ખૂબ જ આનંદ અને ખુશીની લહેર મળી રહી અને ઉપસ્થિત જનમેદનીએ 'એક જ ચાલે...સતુભાઈ જ ચાલે'ના નારા લગાવ્યા હતા.

### ધારાસભ્યને ખબર નથી હોતી કે ગામમાં શું કરવાનું છે: સત્યજીતભાઈ દેસાઈ

નરેન્દ્રભાઈ મોદી સાહેબ સીધા સરપંચના ખાતામાં ગ્રાન્ટ મોકલે છે. કારણ કે, ગામ દ્વારા ચુંટાયેલ પ્રતિનિધિને ખબર હોય છે કે, ગામમાં શું કામ કરવાનું છે. ધારાસભ્યને ખબર નથી હોતી કે ગામમાં શું કરવાનું છે. અમે બુહારીના ગ્રામજનોના આશીર્વાદથી બુહારી ગ્રામ પંચાયતના શાસનમાં છીએ. ધારાસભ્યનાં આશીર્વાદથી અમે સત્તામાં નથી આવ્યા. કોઈ ધારાસભ્ય કે મંત્રી પણ પોતાની જનતા માટે ન કરે એટલા અનેક કાર્યક્રમો નવરાત્રિ, ક્રિકેટ, મહિલા ક્રિકેટ ટુર્નામેન્ટ, નાનાં બાળકોની ક્રિકેટ ટુર્નામેન્ટ, સરકારી યોજનાના લાભો વગેરે ગામના ઉપસરપંચ પદ પર રહીને બુહારીની જનતા માટે સૂરજ દેસાઇ કરી રહ્યા છે. બુહારી ગામની જનતા નસીબવંતી છે કે ૨૪ X ૭ એટલે ૨૪ કલાક કામ કરનાર; તમામનાં કામ કરનાર અને ક્યારેય કોઇપણ કામ માટે ના નહીં કહેનાર ઉપસરપંચ મળ્યા છે.

## દોણ ગામે બે બાઇક અથડાતાં મહિલાનું મોત, બેને ઇજા

સોનગઢ: નવાપુરના ખેખડાના અનિલભાઈ ગાવીત (ઉં.વ.49) શુક્રવારે રાત્રે પત્ની જયાબેન અને ભત્રીજી આરૂષી (ઉં.વ.13) સાથે લગ્નપ્રસંગ પતાવી બાઇક નં.(MH-39-AG-4996) પર ઘરે પરત ફરી રહ્યા હતા. રાત્રે આશરે 11:15 વાગ્યે દોણ ગામ પાસે સામેથી પૂરઝડપે આવતી બાઇક નં.(GJ-26-AL-4692) તેમની બાઇકને ટક્કર મારતાં આરૂષીને ઇજા થઈ હતી. તો જયાબેનનું સારવાર બાદ મોત નીપજ્યું હતું.

## મોતામાં પિસ્તોલ અને કારતુસ સાથે એક ઝડપાયો

બારડોલી: સ્ટેટ મોનિટરિંગ સેલે મોતા ગામની લક્ષ્મીપૂજા સોસાયટીમાં મકાન નં.114માં દરોડો પાડી ગેરકાયદે હથિયારોના નેટવર્કનો પર્દાફાશ કર્યો છે. આ બનાવમાં એક દેશી બનાવટની પિસ્તોલ, મેગઝીન અને ૯ જીવતા કારતુસ સાથે આરોપી ભરત દેવરાજ મિશ્રાની ધરપકડ કરી છે. મૂળ ઉત્તર પ્રદેશનો અને હાલ સિક્યુરિટી સુપરવાઈઝર તરીકે કામ કરતો ભરત મિશ્રા રીઢો ગુનેગાર છે, પોલીસે કુલ ૬૯,૧૦૦નો મુદ્દામાલ જપ્ત કરી હથિયાર મોકલનાર સુભાષ ઠાકુર અને મંગાવનાર સાહિલ મકવાણાને વોન્ટેડ જાહેર કર્યા છે.

## વહિયાલ ગામમાં અંડરગ્રાઉન્ડ પાઈપ લાઈનમાં આગ લાગી

ભરૂચ: વાગરાના વહિયાલ ગામ નજીક નહેર પાસે અંડરગ્રાઉન્ડ પીવીસી પાઈપોમાં અચાનક ભીષણ આગ ફાટી નીકળી હતી. સદનસીબે આ ઘટનામાં જાનહાનિ થઈ નથી. આ બનાવમાં પાઈપને નુકસાન થયું હતું.

Milano MULTIPLEX
બારડોલી
Dhurandhar
The Revenge
11:00am, 12:00pm,
01:00pm, 03:30pm,
04:30pm, 05:15pm,
08:00pm, 09:00pm,
09:30pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333

### જાહેર ચેતવણીનો જવાબ

તા. ૧૧/૦૩/૨૦૨૬ ના રોજ નીરવ આર. દૂધવાલા તે ક્રિષ્ના હર્ષદાભાઈ પારેખના એડવોકેટ તરીકે ગુજરાત મિત્ર જાહેર પેપરમાં આપવામાં આવેલ જાહેર ચેતવણીનો જવાબ ગુજરાત રાજયના સુરત ડીસ્ટ્રીકટ, તાલુકો મહુવાના મોજે ગામ આમચકના બ્લોક નં.૧૫૦ વાળી જમીન કે જેનું ક્ષેત્રફળ હે.આરે. ૧-૧૬-૫૪, આકાર રૂા. ૧૧.૩૧ પૈસા છે કે જેનો ખાતા નં.૨૦૪ વાળી જુની શરતની જમીન સુમંતરાય ખંડુભાઈ નાયકનો વણવહેંચાયેલ ૦-૫૮-૨૭ ચો.મી. જમીન મારા અસીલ ક્રિષ્ના હર્ષદભાઈ પારેખને કિંમતી અને બજાર ભાવના વેચાણ અવેજ બદલ વેચાણ આપવાનું નક્કી કરેલ જે પૈકી મારા અસીલે સદર જમીનના વેંચાણ અવેજ પેટે ઘણી મોટી રકમ સુમંતરાય ખંડુભાઈ નાયકને ચુકવી આપેલ છે. અને જે અંગે સુમંતરાય ખંડુભાઈ નાયક અને મારા મજકુર અસીલ વચ્ચે વેચાણ અંગના સોદાચિઠ્ઠી તથા અન્ય લખાણો તથા નાણા મળયાની પહોંચ કરવામાં આવેલ અને તે તમામ સંજોગામાં સદર જમીન હરકોઈએ સુમંતરાય ખંડુભાઈ નાયક કે સદર જમીનના અન્ય માલીકો કે અન્ય હરકોઈ ઈસમ વિગેરે પાસેથી ખરીદ કરવી-કરાવવી નહીં કે તે અંગે કરકોઈ પ્રકારનાં વ્યવહારો કરવા કરાવવા નહીં અને તેમ છતાં જો તેવા હરકોઈ પ્રકારના વ્યવહારો કે લખાણો કરવા કરાવવામાં આવશે તો તે મારા અસીલને બંધનકર્તા રહેશે નહીં અને તેવા હરકોઈ પ્રકારના વ્યવહાર કરનારને દિવાની તથા ફોજદારી પ્રકરણોમાં તથા લેન્ડ સેબીંગના પ્રકરણોમાં સંડોવાવું પડશે અને તેઓ તમામને તકરાર સિવાય કશું પ્રાપ્ત થશે નહીં જેની સ્પષ્ટ નોંધ લેવી, જેથી કોઈ ખોટી રીતે ફસાય ન જાય તે હેતુથી જાહેર હીતમાં આ ચેતવણી પ્રસિધ્ધ કરેલ હતી. તે જાહેર ચેતવણી સંદત્તર ખોટી છે

ખરી હક્કિત બાબતે જાહેર જનતાને જણાવવાનું કે હમારા અસીલ પાસે જુઠુ બોલીને સાટાખત કરાવેલ હતું અને નાંણા મળ્યાની ખોટી રસીદ ઉભી કરેલ હતી. તે બાબતે તેમની સાથે જે સોદાચીઠી થયેલ હતી તે સોદા ચીઠ્ઠી રદ કરતું લાખાણ હમારા અસીલે તા. ૧૩/૦૩/૨૦૨૬ ના રોજ કરાવેલ છે અને જે ક્રિષ્ના હર્ષદભાઈ પારેખનાઓ જે સોદા ચીઠ્ઠી કરાવેલ હતી તે અસલ સોદા ચીઠ્ઠી પણ પરત મેળવી લીધેલ છે જેથી જાહેર જનતા જણાવવાનું ઉપરોક્ત વર્ણન વાળી જમીન ચોખ્ખા ટાઈટલ વાળી છે તેની નોંધ લેશો.

ઓફિસ:- તલાવડી સરદાર ક્રિકેટ સ્ટેડીયમ સામે, રંગ ઉપવનના દરવાજા પાસે બારડોલી
મો. ૯૮૨૫૦૨૨૭૧૦

**કામેશકુમાર કે. પટેલ**
તે સુમંતરાય ખંડુભાઈ નાયકના એડવોકેટ

---

વી.પી.પરમાર, એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ ચીકદાની કોર્ટમાં

અરજદાર :- શ્રી મગનભાઈ ધુલાડભાઈ વસાવા
રહે, નાની બેડવાણ, તા. ચીકદા, જી.નર્મદા
વિરૂધ્ધ
સામાવાળા:- જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી અને તલાટી કમ મંત્રીશ્રી, નાની બેડવાણ

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે જન્મની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી મગનભાઈ ધુલાડભાઈ વસાવા, રહે.નાની બેડવાણ તા.ચીકદા, જી. નર્મદાનાઓએ તેમના પિતા સ્વ.ધુલાડભાઈ દેશરીયાભાઈ વસાવા નું મરણ તા.૧૦/૦૫/૧૯૭૫ના રોજ મોજે.નાની બેડવાણ, તા.ચીકદા મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, ચીકદા, મામલતદાર કચેરી, ચીકદા, જી.નર્મદાની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા. ૨૫/૦૩/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

નં.એમએજી/જન્મ/રજી નં.૩૦/૨૦૨૬
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, ચીકદાની કચેરી,
તા.ચીકદા, જિ.નર્મદા,
તા. ૨૫/૦૩/૨૦૨૬

(વી.પી.પરમાર)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ

---

એસ.વી. વિરોલા, કાર્યપાલક મેજીસ્ટ્રેટ ચીકદાની કોર્ટમાં

અરજદાર :- વિનોદભાઈ ચંપકભાઈ તડવી
રહે, આંબાવાડી, તા.ચીકદા, જી.નર્મદા
વિરૂધ્ધ
સામાવાળા:- જન્મ મરણ નોંધણી અધિકારીથી અને તલાટી કમ મંત્રીશ્રી, આંબાવાડી

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩ (૩) અન્વયે જન્મની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી વિનોદભાઈ ચંપકભાઈ તડવી રહે. આંબાવાડી તા.ચીકદા, જી. નર્મદાનાઓએ તેમના માતા સ્વ.રાધાબેન ચંપકભાઈ તડવીનું મરણ તા.૨૮/૦૪/૨૦૨૧ના રોજ મોજે આંબાવાડી, તા.ચીકદા મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચૂકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ, ચીકદા, મામલતદાર કચેરી, ચીકદા, જી. નર્મદાની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજરોજ તા. ૧૬/૧૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

નં. એમએજી/જન્મ/રજી નં.૦૬/૨૦૨૫
કાર્યપાલક મેજીસ્ટ્રેટ, ચીકદાની કચેરી,
તા.ચીકદા, જિ.નર્મદા
તા. ૧૬/૧૨/૨૦૨૫

(એસ.વી. વિરોલા)
કાર્યપાલક મેજીસ્ટ્રેટ
ચીકદા